# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-09-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. ગાંધીનગરમાં ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે પાંચમા અખિલ ભારતીય રાજભાષા સંમેલનનું ઉદઘાટન કરશે.
2. મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યાને આજે ભૂપેન્દ્ર પટેલને ચાર વર્ષ પૂર્ણ થયા
3. ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય ભારતીય ફોરેન્સિક ઓડોન્ટોલોજી કોન્ફરન્સનો પ્રારંભ
4. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આવતીકાલે રાજ્યના 23 જીલ્લાના પરીક્ષા કેન્દ્રો ઉપર મહેસૂલી તલાટીની પરીક્ષા યોજાશે
5. પ્રવાસન વિભાગ દ્વારા આયોજીત વાઇબ્રન્ટ નવરાત્રી 2025નું 22 સપ્ટેમ્બરના રોજ સાંજે મુખ્યમંત્રીના હસ્તે ઉદ્વાટન થશે

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CELEBRATION OF RAJBHASHA DIWAS

હિન્દી દિવસ-૨૦૨૫ અને પાંચમું અખિલ ભારતીય રાજભાષા સંમેલન આવતીકાલથી બે દિવસ માટે  ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આ સંમેલનનું ઉદઘાટન કરશે .. આ સંમેલનની માહિતી આપવા માટે આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં ગૃહ મંત્રાલયના રાજભાષા વિભાગના સચિવ  અંશુલી આર્યાએ  કહ્યું હતું કે આ બે દિવસના સંમેલનનો ઉદ્દેશ હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓ વચ્ચે સમરસતા અને સમન્વય વધારવાનો છે. આ બે દિવસના સંમેલન દરમિયાન વિવિધ સત્ર યોજાશે, અને કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોના 6,000 થી વધુ અધિકારીઓ ભાગ લેશે.

તેમણે કહ્યું કે આ વર્ષના સંમેલન દરમિયાન ભારતીય નામના બહુભાષીય અનુવાદ ટૂલનો પણ શુભારંભ થશે અને કેટલીક નવી પહેલો પણ શરૂ કરાશે.

(બાઈટ : અંશુલી આર્યા, ગૃહ મંત્રાલયના રાજભાષા વિભાગના સચિવ)

. . . . . . . . . . .

# AMIT SHAH- GUJARAT VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે તેમની એક દિવસની મુલાકાત દરમિયાન બપોરે અમદાવાદના સરદારધામ ખાતે નવનિમિત કન્યા છાત્રાલયની મુલાકાતની સાથે ટ્રસ્ટી અને યુવા ઉદ્યોગ સાહસિકો સાથે સંવાદ કરશે. તેઓ આવતીકાલ બપોરે નારણપુરા ખાતે વીર સાવરકર સ્પોર્ટ્સ સંકુલનું લોકાપર્ણ કરશે. સ્પોર્ટસ કોમ્પલેક્ષના લોકાર્પણ બાદ તેઓ સર્કિટ હાઉસ શાહીબાગ ખાતે ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની ગટર, વરસાદી પાણી તેમજ અન્ય પ્રશ્નોના નિરાકરણ માટેની સમીક્ષા બેઠકમાં ભાગ લેશે.

-------------

# CM FOUR YEARS

મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યાને આજે ભૂપેન્દ્ર પટેલને ચાર વર્ષ પૂર્ણ થયા છે.. આ ચાર વર્ષ દરમિયાન તમામ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ થયો છે જેમાં ગુજરાતની 32 હજાર 200થી વધુ પ્રાથમિક શાળાઓના 40 લાખથી વધુ વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાનો લાભ મળી રહ્યો છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા ‘પઢાઈ ભી, પોષણ ભી’ના ધ્યેયને આ યોજના થકી ગુજરાત સરકાર સાકાર કરી રહી છે. ડિસેમ્બર 2024માં શરૂ થયેલી મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનામાં સુખડી, ચણા ચાટ, મિક્સ કઠોળ, મીલેટનો અલ્પાહાર બાળકોને આપવામાં આવે

છે..નાણાકીય વર્ષ 2025-26 માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે ₹617.67 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

-------------

# NFSU

વ્યક્તિની ઓળખ અને ગુન્હા શોધવાની કામગીરી માટે ફોરેન્સિક સાયન્સ મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું હોવાનું ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડોક્ટર જે એમ વ્યાસે કહ્યું હતું. ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે આંતરરાષ્ટ્રીય ભારતીય ફોરેન્સિક ઓડોન્ટોલોજી કોન્ફરન્સનો પ્રારંભ પ્રસંગે તેમણે આ મુજબ જણાવ્યુ હતું.

(બાઇટ- ડો.જે એમ વ્યાસ, DG, NFSU)

આ 22મી રાષ્ટ્રીય અને દ્વિતીય આંતરરાષ્ટ્રીય ભારતીય ફોરેન્સિક ઓડોન્ટોલોજી કોન્ફરન્સ ના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ત્રિપુરાના મુખ્યમંત્રી ડૉ. માણિક સહા ઉપસ્થિત રહ્યાં હતાં. તમણે પણ ફોરેન્સિક સાયન્સને મહત્વપૂર્ણ લેખાવ્યું હતું.

(બાઇટ- ડો માણિક સહા, મુખ્યમંત્રી ત્રિપુરા)

આ બે દિવસીય કોન્ફરન્સમાં દેશ-વિદેશથી 300 જેટલા સહભાગીઓ ભાગ લઇ રહ્યાં છે. તેમજ વિષયવસ્તુને અનુરૂપ વિવિધ સત્ર યોજાશે, તેમજ વિષયવાર છણાવટ સાથે ચર્ચા કરવામાં આવશે.

------------

# KUNVARJI BAVALIYA- NAVSARI

જળસંપત્તિ અને પાણી પુરવઠામંત્રી કુંવરજી બાવળીયાએ નવસારી જિલ્લાના ચીખલી અને વાંસદા તાલુકામાં દમણગંગા બલ્ક પાઇપલાઇન કામગીરીની સમીક્ષા મુલાકાત લીધી હતી.

નવસારી જિલ્લાના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે આ યોજનાની કામગીરી પૂર્ણ થયા બાદ નવસારી જિલ્લાના ગ્રામીણ વિસ્તારના ગામોમાં પાણી સરળતાથી ઉપલબ્ધ રહેશે. સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સુલભતા વધશે અને ખેડૂતોને વ્યાપક લાભ મળશે.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

......................................

# ARVALLI- NEW BUS

અરવલ્લીના મોડાસા બસપોર્ટ ખાતે મંત્રી ભીખુસિંહ પરમાર દ્વારા 6 નવીન બસોનું બસોનું લોકાર્પણ કરાયું હતું..અમારા અરવલ્લી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા જિલ્લાના લોકો માટે વધુ આરામદાયક અને કાર્યક્ષમ પરિવહન સુવિધા માટે 1 ડીલક્સ અને 5 મિની બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું, જેના થી ગ્રામીણ વિસ્તારોમાં નિયમિત અને સરળ કનેક્ટિવિટી ની સાથે મુસાફરોને આરામદાયક પ્રવાસની સુવિધા મળશે.

-------------

# VIBRANT NAVRATRI

પ્રવાસન વિભાગ દ્વારા આયોજીત વાઇબ્રન્ટ નવરાત્રી 2025નું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે, 22 સપ્ટેમ્બરના રોજ સાંજે થશે... અમદાવાદમાં યોજાનારા પરંપરા, સંસ્કૃતિ અને ભક્તિનો ભવ્ય ઉત્સવ પહેલી ઓક્ટોબર સુધી ચાલશે.. ઉદ્ઘાટનના દિવસે 'આહવાન મા આદ્યા શક્તિ'ની થીમ પર સાંસ્કૃતિક પ્રદર્શન દ્વારા સાથે નવરાત્રીનો અનેરો આનંદ મહોત્સવ યોજાશે. જેમાં પરંપરાગત ગરબાની ઉજવણી માટે એક હજાર થી વધુ કલાકારોની સાથે મળીને પ્રસ્તુતિ કરશે. નાના જૂથ માટે ખાસ ગરબા ઝોનથી લઈને બાળકો માટે ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓઓ પણ

આકર્ષણનું કેન્દ્ર બનશે. ગુજરાતના પ્રખ્યાત કલાકારો પણ આ કાર્યક્રમનો હિસ્સો બનશે.

-------------

# GSSSB EXAM

ગુજિરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આવતી કાલે મહેસુલી તલાટીની પરીક્ષા યોજાશે.0020મહેસુલી તલાટી વર્ગ 3 ની 2 હજાર 384 જગ્યાઓ માટે પરીક્ષાનું આયોજન કરાયું છે..આ પરીક્ષા માટે 4 લાખ 25 હજાર ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

જે પૈકી 3 લાખ 99 હજાર ઉમેદવારોએ પરીક્ષા માટે કોલ લેટર ડાઉનલોડ કર્યા છે. રાજ્યના 23 જિલ્લાઓમાં પરીક્ષાનું આયોજન કરાયું છે.. 1 હજાર 384 પરીક્ષા સેન્ટરોમાં આ પરીક્ષા લેવાશે. બાયો મેટ્રિક વેરિફિકેશન બાદ ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ અપાશે. તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર તૈયારીઓ પૂરી કરી લેવાઇ છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ પરીક્ષા યોજવામાં આવશે.

-------------

# GST- C.A.

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કરમાળખામાં જાહેર કરેલા ફેરફારને સમગ્ર દેશભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. રાજ્યના ચાર્ટર્ડ

એકાઉન્ટન્ટસે જીએસટી કરમાળખાને આવકાર્યું છે. આકાશવાણી સાથે વાત કરતાં રાજકોટના સીએ પરાગ ભૂપતાણી એ કહ્યું કે...

(બાઇટ- પરાગ ભૂપતાણી, સીએ, રાજકોટ)

-------------

# GRIT

12 સપ્ટેમ્બર 2025ના રોજ ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યુશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) એ પોતાનો પ્રથમ સ્થાપના દિવસ ઉજવ્યો, જે વિકાસિત ગુજરાતના વિઝન હેઠળ વિકાસની વ્યૂહરચનાઓને આગળ ધપાવતા રાજ્યના અગ્રણી થિંક-ટેંક તરીકેની એક વર્ષની સફરને દર્શાવે છે. આ અવસરે, GRIT દ્વારા જ્ઞાનવિનિમય અને આધુનિક વિષયો પર ચર્ચા માટે વ્યાખ્યાન શ્રેણી શરૂ કરવામાં આવી. શ્રેણીની શરૂઆત રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) ની ડેપ્યુટી ગવર્નર ડૉ. પૂનમ ગુપ્તાના મુખ્ય ભાષણથી થઈ, જેમણે “ગ્લોબલ ઇકોનોમિક આઉટલુક” વિષય પર માર્ગદર્શન આપ્યું.

-------------